# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CROP DAMAGE SURVEY

રાજ્યમાં ભારે વરસાદના કારણે જેટલા પણ પાકને નુકસાન થયું છે તેના સરવેની કામગીરી 700થી વધુ ટુકડી કરી રહી છે. આજે બલરામ જયંતિ નિમિત્તે ગાંધીનગરના બલરામ ભવનની મુલાકાત દરમિયાન કૃષિમંત્રી રાઘવજી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

**(બાઈટ – રાઘવજી પટેલ, કૃષિમંત્રી)**

---------

## GUJARAT ENERGY PRODUCTION

રાજ્યમાં વરસાદના પાણીની સારી આવક થતાં હાઈડ્રો પાવર સ્ટેશનમાંથી વિક્રમજનક વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. સરદાર સરોવર બંધમાં ગત ઑગસ્ટ મહિનામાં વીજ ઉત્પાદન 800 મિલિયન એકમને પાર પહોંચી ગયું છે. જ્યારે ઉકાઈ, ઉકાઈ મિની, કડાણા અને સરદાર સરોવર હાઈડ્રો પ્લાન્ટમાંથી કુલ એક હજાર 67 મિલિયન એકમનું વીજ ઉત્પાદન થયું છે.

ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર બંધમાંથી છેલ્લા 5 વર્ષમાં સરેરાશ 4 હજાર 600 મિલિયન એકમ જેટલું ઉત્પાદન થયું હોવાના અહેવાલ છે.

----------

## WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 68 તાલુકામાં માત્ર સરેરાશ સવા ત્રણ મિલીમીટર વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ કુલ 122 ટકા વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

હવામાન વિભાગે આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં છૂટાછવાયા સ્થળોમાં ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત માછીમારોને 12 સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા હવામાન વિભાગે સૂચના આપી છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં હાલમાં સંગ્રહક્ષમતાના 88 ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે રાજ્યના 117 બંધ સંપૂર્ણ ભરાઈ ગયા છે. 45 બંધ 70થી 100 ટકા જેટલા ભરાયા છે. રાજ્યના 143 બંધ હાલમાં હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને સાત બંધ ચેતવણી પર છે.

......................

## RAIN IN DISTRICT

મહીસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકાના ગોઠીબ ગામમાં વડા તળાવ સંપૂર્ણપણે છલકાઈ જતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે ગામની મુલાકાત લીધી હતી.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, તળાવનું પાણી રસ્તા પર આવી જતાં પાળ બનાવીને પાણીને કેનાલમાં લઈ જવાયું હતું ત્યારબાદ વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો. દરમિયાન શિક્ષણ મંત્રીએ નાની સિંચાઈના અધિકારીઓને તળાવના યોગ્ય સમારકામ માટેની પણ સૂચના આપી હતી.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં હવે વરસાદનું જોર ઘટી રહ્યું છે. ઉપરવાસમાં વધુ વરસાદના કારણે જિલ્લાની જીવાદોરી ધરોઈ બંધમાં ચાર હજાર ક્યૂસેકથી વધુ પાણીની આવક થઈ રહી છે.

----------------------

## JAMNAGAR FOOD DEPARTMENT DRIVE

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખાએ દૂધ ઉત્પાદન ઝૂંબેશ અંતર્ગત શહેરની 31 પેઢીમાં દરોડા પાડ્યા હતા. દરમિયાન શાખાએ વિવિધ ખાદ્યપદાર્થના નમૂના લઈ તેને પરીક્ષણ માટે વડોદરાની ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરીમાં મોકલ્યા છે. ઉપરાંત ફૂડ શાખાએ અન્ય વિસ્તારમાં

આવેલા બરફના કારખાનામાં પાણીમાં ક્લોરિનેશન અંગેની તપાસ કરી જરૂરી સૂચના આપી હતી.

-------------------

## PATAN HNGU SPORTS

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રણ દિવસની આંતર-કૉલેજ કબડ્ડી સ્પર્ધાનો આજથી પ્રારંભ થયો છે. આ અંગે યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિકલ એજ્યુકેશનના નિયામક ડૉ. ચિરાગ પટેલે જણાવ્યું કે, સ્પર્ધામાં પાંચ જિલ્લાની કૉલેજની કુલ 92 ટીમ અને એક હજાર 104 ખેલાડી ભાગ લઈ રહ્યા છે. 11 સપ્ટેમ્બરે વિદ્યાર્થિનીઓની સ્પર્ધાનો પ્રારંભ થશે.

સ્પર્ધાના અંતે ભાગ લેનારા ખેલાડીઓમાંથી એક-એક ટીમ પસંદ કરાશે અને તે આંતર યુનિવર્સિટીકક્ષાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

-------------------

## ARVALLI RTO STEAKER

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી જતાં પદયાત્રીઓનો અરવલ્લી જિલ્લાના માર્ગો પર ધસારો જોવા મળી રહ્યો છે. આવા સમયે અહીં અકસ્માત નિવારવા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી વિભાગ પદયાત્રીઓના વાહનોને રેડિયમના સ્ટીકર લગાવવાનું કામ કરી રહ્યું છે.

-----------------------------------------------

## MAHISAGAR ECO FRIENDLY GANESHA

મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં 121 વર્ષ જૂનું જમણી સૂંઢવાળા ગણપતિ ભગવાનનું મંદિરમાં આ વર્ષે પણ ઇકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. દર વર્ષે વડોદરાના ગાયકવાડ સરકારના કારીગરો દ્વારા વિશિષ્ટ માટીમાંથી ગણેશજીની આ મૂર્તિ તૈયાર કરે છે. ગણેશોત્સવ દરમિયાન દરરોજ રાત્રે કથા અને ભજન-કીર્તન કરવામાં આવે છે.

------------------